આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૭૯ | ૯ સપ્ટેમ્બર, ૨૦૧૩, સોમવાર; ભાદરવા સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સે.૬ ડબલ મર્ડર કેસનો આરોપી ઝડપાયો

## બે વર્ષ પહેલા કોર્ટમાં પોલીસને ચકમો આપી આમીન મન્સુરી ફરાર થઈ ગયો હતો : ગાંધીનગર એલ.સી.બી. પોલીસે મહારાષ્ટ્રના કૃષ્ણગામ પાસે નાસિક હાઈ-વેથી ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના સેક્ટર-૬માં બનેલ ચકચારી ડબલ મર્ડર કેસનો મુખ્ય આરોપી જેને મુદ્દત દરમિયાન પોપીસ ગાંધીનગર કોર્ટમાં લાવી હતી અને ચાલુ કોર્ટે જજની સામેથી પોલીસને ચકમો આપી ફિલ્મી ઢબે નાસી છૂટેલા રીઢા ગુનેગારને આખરે ૩ વર્ષ જેટલા સમયગાળા બાદ ગાંધીનગર એલ.સી.બી. પોલીસે સાપુતારાથી ૪૨ કિમી. અંતરે આવેલા કૃષ્ણગાવના કસબામાંથી ઝડપી પાડ્યો હતો. ડબલ મર્ડર કેસના આ આરોપીને ઝડપી લેવા પોલીસ લાંબા સમયથી પરસેવો પાડી રહી હતી અને વાણી પોલીસ મથકના વિસ્તારમાં પણ તેને પાંચથી વધારે ઘરફોડ ચોરી કરી હોવાનું માલુમ પડ્યું હતું. ગાંધીનગર એલ.સી.બી. પોલીસે આરોપી પાસેથી ૭.૬ એમ.એમ.ની બે ઓટોમેટીક પિસ્તોલ પણ જપ્ત કરી હતી અને એ તેને ટ્રાન્સફર વૉરન્ટથી ગાંધીનગર લાવવા તજવીજ હાથ ધરી છે.

આ ઘટના અંગેની સંપૂર્ણ માહિતી એવી છે કે, ગાંધીનગર શહેરમાં આવેલ સેક્ટર-૬માં ગત તા. ૨૦મી મે-૨૦૧૧ના રોજ આમીન બાદશાહ મન્સુરીએ તેના અન્ય બે મિત્રો સાથે મળી પાડોશમાં રહેતા ૫૨ વર્ષીય મધુબેન અને તેમની ડૉક્ટર દિકરી નુપુર ત્રિવેદીની ઘરમાં ઘુસી ધોળે દિવસે હત્યા કરી નાખી હતી અને બાદમાં પોલીસે તપાસ હાથ ધરી ત્રણેય આરોપીઓને ઝડપી પાડ્યા હતા. દરમિયાન ૮મે-૨૦૧૨ના રોજ પોલીસ ઝાપતામાં પોલીસ આરોપી આમીન મન્સુરીને ગાંધીનગર કોર્ટમાં લઈ આવી હતી. જ્યાં ચાલુ કોર્ટે પોલીસને ચમકો આપી આરોપી કોર્ટ સંકુલમાં છાપરા પર કુદી માર્ગ પર ઉભેલ અન્ય સાગરિત સાથે નાસી છૂટ્યો હતો. જેનો કોઈ પત્તો ન

● અનુસંધાન પાન-૭ પર

### સાપુતારાના નાનકડા ગામમાં રહી ચોરી કરતો હતો

ગાંધીનગર શહેરના ચકચારી ડબલ મર્ડર કેસમાં ફરાર આરોપી આમીન મન્સુરી કોર્ટ સંકુલમાંથી નાસી છુટી પોતાના સાગરિતની મદદથી છેલ્લા ૨ વર્ષથી સાપુતારાના નાનકડા ગામમાં રહી ઘરફોડ ચોરી કરતો હતો અને અનેક ગુનાઓને અંજામ આપી ચૂક્યો છે જે અંગે વાણી પોલીસ પણ તપાસ ચલાવી રહી છે.

### ૭.૬ એમ.એમ.ની બે ઓટોમેટિક પિસ્તોલ રાખતો હતો

ડબલ મર્ડર કેસના આરોપી આમીન મન્સુરી પાસેથી પોલીસે ૭.૬ એમ.એમ.ની બે ઓટોમેટિક પિસ્તોલ અને ૪ લેપટોપ તેમજ ૧ ચોરીનું બાઈક પણ કબ્જે કર્યું હતું.

**ગાંધીનગર સમાચાર**

**મિચ્છામિ દુક્કડમ**

ક્ષમાપનાના મહાપર્વે સંવતસરી નિમિત્તે સૌ વાચક પરિવારોને ગાંધીનગર સમાચાર મિચ્છામિ દુક્કડમ પાઠવે છે.

**- મેનેજીંગ તંત્રી**




સેલ...સેલ...સેલ...

જીન્સ-કોટન ધમાકા

રૂા. ૨,૫૦૦/-ની ખરીદી ઉપર રૂા. ૫૦૦/-ની ખરીદી ફ્રી

● કોટન પેન્ટ - શર્ટ
● જીન્સ પેન્ટ

● Rs. 495/- ● Rs. 595/-
● Rs. 695/- ● Rs. 795/-

જેન્ટસ જીન્સ-કોટન પેન્ટ ૪૦" થી ૫૦"ની Waistમાં ઉપલબ્ધ

મુરલીધર (સમય ૧૦ થી ૮)

● ફેક્ટરી આઉટલેટ, C/ 7-C/ 8, કોબા એપરલપાર્ક, હોટલ મેનેજમેન્ટ ઇન્સ્ટીટ્યુટની બાજુમાં, કોબા, ગાંધીનગર.
● ૬૬, ન્યુ ગ્રીન માર્કેટ, ખોખરા, અમદાવાદ.

### ખોટી જાહેરાત આપી છેતરપીંડી કરનાર સામે પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૮

રાષ્ટ્રીય સાક્ષરતા અભિયાનના નામે ૩૮૦૦ જગ્યાની ભરતી માટે ખોટી જાહેરાત અખબારમાં છપાવી ઉમેદવારો પાસેથી રૂ. ૫૦૦ના ડ્રાફ્ટ મંગાવી છેતરપીંડી આચરવા બેઠેલા શખ્સ સામે સેક્ટર-૨૧ પોલીસ દ્વારા છેતરપીંડીનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. બે દિવસ પૂર્વે અખબારમાં જાહેરાત જોઈ પોલીસે તેની ખરાઈ કરતા સમગ્ર પ્રકરણ બહાર આવ્યું હતું.

સમગ્ર પ્રકરણની પ્રાપ્ત વિગતો અનુસાર ગાંધીનગરનાં સેક્ટર-૨૭માં રહેતા એક શખ્સ દ્વારા તા. ૭મી સપ્ટેમ્બરના રોજ 'ઈમ્પ્લોયમેન્ટ નોટીસ'ના નામે ૩૮૦૦ જગ્યાની ભરતી માટે જાહેરાત આપવામાં આવી હતી. જેમાં અરજી કરનાર ઉમેદવારને રૂ. ૫૦૦ની કિંમતનો રાષ્ટ્રીય સાક્ષરતા અભિયાનનાં નામનો ડ્રાફ્ટ અરજી સાથે મોકલવા જણાવાયું હતું. ઉમેદવારોને અરજી કરવા માટે જાહેરાતમાં આપવામાં આવેલા સેક્ટર-૨૭ના સરનામાનાં પગલે સેક્ટર-૨૧ પોલીસે આ જાહેરાતના પગલે શંકા જતા પોલીસે ખરાઈ માટે માણસો મોકલ્યા હતા. જ્યાં જાહેરાતમાં છપેયાલા મકાનની તપાસ કરતા મકાન માહિલેક ભૈયાજી નામનાં કોઈ શખ્સો બે દિવસ અગાઉ તેમની પાસેથી મકાન ભાડે રાખ્યું હોવાની વિગતો આપી હતી. પોલીસે આ સમગ્ર પ્રકરણની તપાસ કરતાં અખબારમાં રાષ્ટ્રીય સાક્ષરતા અભિયાનનાં બેનર હેઠળ ઈમ્પ્લોયમેન્ટ નોટીસ નામની જાહેરાત ઉમેદવારો પાસેથી પૈસા પડાવવા આપી હોવાનું જાણવા મળ્યું હતું. જેના પગલે સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનનાં પીઆઈ એસ. ડી. પટેલે ખોટી જાહેરાત આપનાર ભૈયાજી નામનાં શખ્સ સામે છેતરપીંડી સહિતનો ગુનો દાખલ કરી તેની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

શ્રી સોમનાથ મહાદેવ મંદિર સમિતિ (સેક્ટર-૧૬) પ્રેરીત અને શ્રી ગણેશ મહોત્સવ સમિતિ આયોજીત

શ્રી ગણેશ મહોત્સવ-૨૦૧૩

આપનું હાર્દિક સ્વાગત કરે છે.



શોભાયાત્રા તા.૯-૯-૨૦૧૩ને સોમવારે સવારે ૮ કલાકે મુંજાલ રાવલ પ્લોટ નં. ૨૮૫/૨ સે.૪/એ થી નીકળશે.

કાર્યક્રમની રૂપરેખા

તા.૦૯/૦૯/૨૦૧૩, સોમવાર, સાંજે ૮ કલાકે
ટેલેન્ટ ઇવનીંગ-૨૦૧૩ ફીલ્મી ગીત સંગીતનો મદમસ્ત કાર્યક્રમ

તા.૧૦/૦૯/૨૦૧૩, મંગળવાર, સાંજે ૮ કલાકે
ટેલેન્ટ ઇવનીંગ-૨૦૧૩ ડાન્સ, નૃત્યનો રંગારંગ કાર્યક્રમ

તા.૧૧/૦૯/૨૦૧૩, બુધવાર, સાંજે ૮ કલાકે
ગુજરાતના ખ્યાતનામ ટી.વી. રેડિયો પરના સુગમ સંગીત ગીત ગઝલના ગાયક તથા મ્યુઝીક કમ્પોઝર શ્રી ચિરેન પુરોહિતનો ગુજરાતી / હિન્દી ફીલ્મી ગીત / ગઝલનો કાર્યક્રમ

તા. ૧૨/૦૯/૨૦૧૩, ગુરૂવાર સાંજે ૮ કલાકે
આંતરરાષ્ટ્રીય ખ્યાતી પામેલ શ્રી રાજીવ વ્યાસ એન્ડ ઓર્કેસ્ટ્રા ફીલ્મી ગીત સંગીતનો ધમાકેદાર કાર્યક્રમ

સ્થળ : શ્રી સોમનાથ મહાદેવ મંદિર બ્રહ્મભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર.

